

જેમ ત્રિકાળી આત્મા સત્ છે, જ્ઞાનસ્વભાવ સત્ છે તેને કરવાનો નથી તેમ તેની પર્યાય પણ તે તે કાળે સત્ છે તેને કરવી શું! વસ્તુ ત્રિકાળ સત્ છે અને નિર્જરા અને મોક્ષ આદિ પર્યાય તેના કાળે તે સત્ છે, જે સત્ છે તેને કરવાનું રહેતું નથી. —*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

કહાન સં. ૨૦ સં. ૨૦૫૬ [૬૭૯] * આત્મધર્મ * [અંક-૧૧ વર્ષ-૫૬] વીર સં. ૨૫૨૬ મે-૨૦૦૦

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ શંકા :—મિથ્યાદૃષ્ટિ જીવોનું જ્ઞાન અજ્ઞાન કેવી રીતે છે?

સમાધાન :—કારણ કે તેનું જ્ઞાન જ્ઞાનનું કાર્ય કરતું નથી.

શંકા :—જ્ઞાનનું કાર્ય શું છે?

સમાધાન :—જાણેલા પદાર્થનું શ્રદ્ધાન કરવું તે જ્ઞાનનું કાર્ય છે. એ રીતે જ્ઞાનનું કાર્ય મિથ્યાદૃષ્ટિ જીવમાં હોતું નથી તેથી તેનું જ્ઞાન અજ્ઞાન છે....જ્ઞાનનું કાર્ય નહીં કરવાથી જ્ઞાનને અજ્ઞાન કહેવાનો વ્યવહાર લોકમાં અપ્રસિદ્ધ નથી. કેમ કે પુત્રને યોગ્ય કાર્ય નહીં કરવાવાળા પુત્રને કુપુત્ર કહેવાનો વ્યવહાર લોકમાં પણ જોવામાં આવે છે. ૬૨૨. *(શ્રી ધવલા, પુસ્તક-૫, પાનું-૨૨૪)*

❀ જેવી રીતે સિદ્ધ ભગવાન અમૂર્ત હોવા છતાં, નિષ્ક્રિય તેમ જ અપ્રેરક હોવા છતાં, ''હું સિદ્ધ સમાન અનંત જ્ઞાનાદિ ગુણસ્વરૂપ છું'' ઇત્યાદિ વ્યવહારથી સવિકલ્પ સિદ્ધભક્તિવાળા એવા, નિશ્ચયથી નિર્વિકલ્પ સમાધિરૂપ નિજ-ઉપાદાનકારણપરિણત જીવોને સિદ્ધગતિના સહકારી કારણ છે, તેવી રીતે નિષ્ક્રિય, અમૂર્ત અને અપ્રેરક હોવા છતાં પણ ધર્મદ્રવ્ય, પોતાના ઉપાદાનકારણથી ગતિ કરતાં જીવ અને પુદ્ગલોને ગતિમાં સહકારી કારણ છે. ૬૨૩. *(શ્રી નેમીચંદ સિદ્ધાંતદેવ, બૃહદ્દ્રવ્યસંગ્રહ, ગાથા-૧૭ની ટીકામાંથી)*

❀ પરમ શુદ્ધભાવકી ખોજ કરની ચાહિયે. ખોજ કરનેસે ઉત્કૃષ્ટ શુદ્ધભાવ પ્રાપ્ત હો જાતા હૈ. જ્ઞાનમેં અનંતાનંત લોકકે જાનનેકી શક્તિ હૈ. ઉસ જ્ઞાનકે પ્રકાશ હોતે હી સંસારકા ભ્રમણ છૂટ જાતા હૈ. ૬૨૪. *(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૫૧૫)*

❀ વિષયોંકા સેવન કરનેસે પ્રાણિયોંકો કેવલ રતિ હી ઉત્પન્ન હોતી હૈ. યદિ વહ રતિ હી સુખ માના જાવે તો વિષ્ટા આદિ અપવિત્ર વસ્તુઓંકે ખાનેમેં ભી સુખ માનના ચાહિયે. ક્યોંકિ વિષયી મનુષ્ય જિસ પ્રકાર રતિકો પાકર અર્થાત્ પ્રસન્નતાસે વિષયોંકા ઉપભોગ કરતે હૈં ઉસી પ્રકાર કુત્તા ઔર શૂકરોંકા સમૂહ ભી તો પ્રસન્નતાકે સાથ વિષ્ટા આદિ અપવિત્ર વસ્તુયેં ખાતા હૈ. ૬૨૫. *(શ્રી જિનસેનાચાર્ય, આદિપુરાણ, ભાગ-૧, પાનું-૨૪૩)*

❀ સ્વસમયમાં સ્થિતિ અર્થે, લોકપ્રવાહ (ગાડરીઓ પ્રવાહ) છોડીને, અને શાસ્ત્ર-આજ્ઞાનુસાર સમ્યક્ પ્રકારે પરીક્ષા વડે નિશ્ચય કરીને, કોઈ એક યુગપ્રધાન આચાર્યને મધ્યસ્થપણે પક્ષપાતરહિત મનથી ગુરુ માનવા. ૬૨૬.

*(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંતરત્નમાળા, ગાથા-૧૪૦)*

કહાન
સંવત-૨૦
વર્ષ-૫૬
અંક-૧૧
[૬૭૯]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૬
સં. ૨૦૫૬
MAY
A.D. 2000

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## આ કાળે ધર્મધ્યાન નથી તેમ માનનાર નાસ્તિક છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૯૬)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના બીજા ભાગની આ ૩૬મી ગાથા ચાલે છે.

હે જીવ! આત્મધ્યાનમાં લીન વીતરાગસ્વસંવેદનજ્ઞાની દુઃખ અને સુખને સમભાવથી સહન કરતાં થકાં અભેદનયથી શુભ અને અશુભકર્મની નિર્જરાનું કારણ છે એમ ભગવાને કહ્યું છે.

વીતરાગ સ્વસંવેદન એટલે રાગ વિનાના જ્ઞાનનું જ્ઞાન થયું તે. આવા જ્ઞાનને પ્રાપ્ત જ્ઞાની આત્મધ્યાનમાં લીન થઈને સુખ-દુઃખને સમભાવથી સહન કરે છે તેથી તેમને શુભાશુભકર્મની નિર્જરા થાય છે. માટે, અભેદનયથી જ્ઞાની જ નિર્જરાનું કારણ છે અને તપરૂપ પણ જ્ઞાની જ છે કારણ કે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહરહિત પરદ્રવ્યની ઈચ્છાના નિરોધરૂપ બાહ્ય-અભ્યંતર અનશનાદિ બાર પ્રકારના તપથી સહિત છે, એકલા જ્ઞાની નથી.

ભાવાર્થ :—અહીં પ્રભાકરભટ્ટે પ્રશ્ન કર્યો કે હે પ્રભો! આપે ધ્યાનથી નિર્જરા કહી પરંતુ શાસ્ત્રમાં તો એમ આવે છે કે જેને ઉત્તમ સંહનન છે એવા મુનિને જ એકાગ્રચિંતાનિરોધરૂપ ધ્યાન હોઈ શકે છે. તો અત્યારે જ્યાં ઉત્તમ સંહનન નથી ત્યાં ધ્યાન કેવી રીતે હોઈ શકે? તેનું સમાધાન શ્રીગુરુ કરે છે કે શાસ્ત્રમાં-તત્ત્વાર્થસૂત્રમાં જે ધ્યાનની વાત કરી છે તે, આઠમા ગુણસ્થાનથી લઈને ક્ષપકશ્રેણીવાળા મુનિને જે શુક્લધ્યાન હોય છે તે અપેક્ષાથી વાત કરી છે કે ઉત્તમ ધ્યાન તો ઉત્તમ સંહનનવાળાને

જ હોય શકે છે. ઉપશમશ્રેણીમાં શુક્લધ્યાનનો પહેલો પાયો હોય છે તે તો વજ્રવૃષભનારાચ, વજ્રનારાચ અને નારાચ આ ત્રણેય સંહનનવાળાને હોય છે.

શુક્લધ્યાનના ચાર પાયા—ચાર ભેદ હોય છે. આઠમાં ગુણસ્થાને શુક્લધ્યાનનો પ્રથમ ભેદ હોય છે. જે મુનિ વજ્રવૃષભનારાચ સંહનનવાળા હોય અને આઠમા ગુણસ્થાને ક્ષપકશ્રેણી માંડે છે તે આઠમા ગુણસ્થાનથી નવમા, દસમા અને સીધા બારમા ગુણસ્થાનને સ્પર્શ કરે છે. અગિયારમા ગુણસ્થાનમાં આવ્યા વિના સીધા બારમાં ગુણસ્થાનમાં પહોંચી જાય છે. ત્યાં શુક્લધ્યાનનો બીજો પાયો હોય છે જેના પ્રસાદથી તે મુનિ કેવળજ્ઞાન પામે છે અને એ જ ભવમાં મોક્ષ જાય છે માટે ઉત્તમ સંહનનનું કથન શુક્લધ્યાનની અપેક્ષાએ છે.

કોઈ એમ કહે છે કે શુભજોગથી મોહકર્મનો નાશ થાય છે અને શુદ્ધ ઉપયોગથી બીજા ત્રણ કર્મોનો નાશ થઈને કેવળજ્ઞાન થાય છે—પણ એમ નથી. શુભજોગથી તો પુણ્યબંધ થાય છે અને પાપની સ્થિતિ ઘટે છે. શુદ્ધસ્વભાવના ધ્યાનથી જ ખરેખર નિર્જરા થાય છે અને એ ધ્યાનમાં જે લીન થઈ જાય તેને જો ક્ષપકશ્રેણી હોય તો ચારેય કર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે અને પછી તે જ ભવે મોક્ષ જાય.

આઠમા ગુણસ્થાનથી નીચેના ચોથાથી લઈને સાતમા ગુણસ્થાન સુધી શુક્લધ્યાન હોતું નથી, માત્ર ધર્મધ્યાન હોય છે અને તે છ એ પ્રકારના સંહનનવાળાને હોઈ શકે છે. સંહનન એટલે હાડકાની મજબૂતાઈ. ધર્મધ્યાનનો નિષેધ કોઈ સંહનનમાં નથી માટે અત્યારે ધર્મધ્યાન હોઈ શકે છે. અત્યારે કોઈપણ પ્રકારનું ધ્યાન જ નથી એમ તું કહેતો હો-તો એમ નથી. અત્યારે ઉત્તમ સંહનન અને ઉત્તમ ધ્યાન નથી, ધર્મધ્યાન તો છે.

આવું જ કથન રામસેન આચાર્યે તત્ત્વાનુશાસનમાં કર્યું છે કે વજ્રકાયને જ ધ્યાન હોય એવું જે આગમમાં વચન છે તે બંને શ્રેણીઓમાં શુક્લધ્યાન થવાની અપેક્ષાએ કહ્યું છે પણ શ્રેણીની નીચે જે ધર્મધ્યાન હોય છે તેનો નિષેધ નથી. ધર્મધ્યાન તો બધાં સંહનનમાં થઈ શકે છે—એમ નિશ્ચયથી જાણવું.

ધર્મધ્યાન અત્યારે ન હોય તો તો ધર્મ જ ન હોય. આ કાળમાં ધર્મ તો છે પણ રાગ-દ્વેષના અભાવરૂપ ઉત્કૃષ્ટ યથાખ્યાતસ્વરૂપ સ્વરૂપાચરણચારિત્ર જ નિશ્ચયચારિત્ર છે તે આ સમયે પંચમકાળમાં ભરતક્ષેત્રમાં નથી. માટે, સાધુજનોને અન્ય ચારિત્રનું આચરણ કરવાનું કહ્યું છે. યથાખ્યાતચારિત્ર નથી માટે ધ્યાન પણ નથી અને ધ્યાન નથી માટે ચારિત્ર નથી—એમ ન માનો.

ચારિત્રના પાંચ ભેદ છે : ૧. સામાયિક ૨. છેદોપસ્થાપના ૩. પરિહારવિશુદ્ધિ ૪. સૂક્ષ્મસાંપરાય અને ૫. યથાખ્યાત. તેમાંથી આ કાળે આ ક્ષેત્રમાં સામાયિક અને છેદોપસ્થાપના--આ બે જ ચારિત્ર હોય છે, અન્ય ત્રણ હોતા નથી. માટે આ બે ચારિત્રને આચરો.

તત્ત્વાનુશાસનમાં રામસેન મુનિએ પણ કહ્યું છે કે આ કાળે યથાખ્યાતચારિત્રનું આચરણ કરવાવાળા મોજુદ નથી તો શું થયું ! પોતાની શક્તિ અનુસાર તપસ્વીજનો સામાયિક, છેદોપસ્થાપનાનું આચરણ કરો.

શ્રી કુંદકુંદાચાર્યદેવે પણ મોક્ષપાહુડમાં આવું જ કથન કર્યું છે કે હજુ પણ આ પંચમકાળમાં મન-વચન-કાયાની શુદ્ધતાથી આત્માનું ધ્યાન કરીને આ જીવ ઈન્દ્રપદ પામે છે અથવા લૌકાંકિતદેવ થાય છે અને ત્યાંથી ચ્યવીને મનુષ્યભવ ધારણ કરીને મોક્ષ પામે છે.

કુંદકુંદાચાર્ય હતા તે સમયે પણ ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી અને કેવળજ્ઞાન તો ન હતું છતાં એ કાળે આત્માનું ધ્યાન ધરીને નિર્જરા કરનારા જીવો હતા. પૂર્ણ નિર્જરા આ કાળે નથી તેથી નિર્જરાની સાથે જે રાગ રહી જાય છે તેના ફળમાં પુણ્ય બંધ પામી તેના ફળમાં ઈન્દ્રાદિપદ પામે છે.

આમ, પંચમકાળમાં પણ ધર્મધ્યાન છે અને બે પ્રકારનું ચારિત્ર છે. સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ ધર્મધ્યાન છે. કુંદકુંદાચાર્યના સમયમાં આવું ચારિત્ર એટલે સમભાવ અને ધ્યાન હતા અને તે જીવો ઈન્દ્રપદ અથવા લૌકાંતિક દેવ એટલે પાંચમા સ્વર્ગમાં આઠ સાગરની સ્થિતિવાળા બ્રહ્મદેવ થઈને, ત્યાંથી ચ્યવીને મનુષ્ય થઈને મોક્ષ પામી શકે છે. આમ, એકાવતારી થાય એવી સ્થિતિવાળા મુનિ પંચમઆરામાં પણ છે.

માટે અહીં ટીકાકાર કહે છે કે આ કાળમાં પ્રથમ ત્રણ સંહનન નથી પરંતુ અર્ધનારાચ, કીલક અને સૃપાટિકા આ ત્રણ સંહનન છે તેનાથી સામાયિક અને છેદોપસ્થાપનારૂપ ચારિત્રનું આચરણ કરો અને ધર્મધ્યાન ધારણ કરો. ધર્મધ્યાનનો અભાવ કોઈ સંહનનમાં નથી. સામાયિક એટલે શુભભાવ નહિ પણ શુદ્ધ જ્ઞાયકની દૃષ્ટિપૂર્વક તેમાં સ્થિરતારૂપી સામાયિક ચારિત્ર આચરો—એમ કહે છે. સમ્યગ્દર્શન અત્યારે થઈ શકે છે, સમ્યગ્જ્ઞાન થઈ શકે છે અને સમ્યક્ચારિત્ર પણ થઈ શકે છે. એક ભવતારી થઈને મોક્ષ પામી શકાય છે.

શુક્લધ્યાનનો પ્રથમ પાયો પ્રથમના ત્રણ સંહનનમાં જ આવી શકે અને શુક્લધ્યાનનો બીજો, ત્રીજો અને ચોથો પાયો ઉત્તમ સંહનનમાં એકમાં જ આવી શકે છે એવો નિયમ છે, માટે હવે શુક્લધ્યાનના અભાવમાં પણ હીન સંહનનવાળાઓ આ ધર્મધ્યાનને આચરો. આ ધર્મધ્યાન પરંપરા મુક્તિનો માર્ગ છે, સંસારની સ્થિતિને છેદવાવાળું છે, તે ધર્મધ્યાન કેવું હોય ? કે–શુભાશુભરાગરહિત શુદ્ધાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતારૂપ નિશ્ચયધર્મધ્યાન છે તે સંસારની સ્થિતિને છેદવાવાળું અને મોક્ષ આપવાવાળું છે. શુભભાવરૂપ ધ્યાન કે સામાયિક પરંપરા મુક્તિનું આપનાર નથી. શુભભાવરૂપ ધ્યાનને વ્યવહારધર્મધ્યાન કહેવાય પણ તે એકલું હોય તો પરંપરા મુક્તિનું કારણ નથી.

શુભભાવથી પાપકર્મની સ્થિતિ ઘટે એવું કથન શાસ્ત્રમાં આવે છે પણ તેનો અર્થ એમ નથી કે તેથી અનંત સ્થિતિ ઘટી જાય. કર્મસ્થિતિ અસંખ્ય સમય જ હોય છે. કર્મની લાંબામાં લાંબી સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની હોય છે. તેનાથી વધારે સ્થિતિ ન હોય.

જે કોઈ નાસ્તિક આ સમયમાં ધર્મધ્યાનનો અભાવ માને છે તે જૂઠું બોલવાવાળા છે. આ સમયમાં ધર્મધ્યાન છે, માત્ર શુક્લધ્યાન નથી. આત્મામાં શુદ્ધિ સહિત એકાગ્રતારૂપ ધર્મધ્યાન અત્યારે ન હોય તો એકલા શુભભાવથી પાપકર્મની સ્થિતિ ઘટે પણ સંસારનો છેદ ન થાય પણ શુભાશુભ વિકલ્પ રહિત દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા જ સંસારનો અભાવ કરી શકે—એવું ધર્મધ્યાન આ કાળે પણ છે. માટે ધર્મધ્યાન આ કાળે નથી એમ કહેનારને અહીં નાસ્તિક કહ્યાં છે. શુભભાવ આ કાળે નથી એમ તો કોઈ ન કહે પણ નિશ્ચયધર્મધ્યાન નથી એમ કહે છે તે જૂઠા છે.

શુક્લધ્યાનમાં ઉજ્જવળતા અને એકાગ્રતા ઘણી હોય છે પણ ધર્મધ્યાનમાં ઉજ્જવળતા અને એકાગ્રતા થોડી હોય છે પણ ધર્મધ્યાન એ આત્માનું જ ધ્યાન છે. એકલો શુભભાવ એ ધર્મધ્યાન નથી. પણ અત્યારે સાચા જાણપણા વિનાના જીવો, જેમ ફાવે તેમ બોલ્યા કરે છે. સ્વાધ્યાય ઘટી ગઈ....જાણપણા ઘટી ગયા....તેથી આ દશા છે. સામે સમજનાર હોય તો તેને ખ્યાલ આવી જાય છે કે આ સત્ય કહે છે કે જૂઠું કહે છે.

કોઈ લોકો એવું માને છે કે શુક્લધ્યાનમાં જ આત્માની શુદ્ધતાનું ધ્યાન હોય, ધર્મધ્યાનમાં ન હોય. તેને સમજાવવા માટે જ આ ગાથા છે. કોઈ 'શુભભાવરૂપ ધર્મધ્યાન જ આ કાળે છે' એમ કહે તો સામે સમજવાવાળો હોય તો તરત કહે કે

શુભભાવ તો અનંત કાળથી કરતો આવ્યો છે અને અભવ્યજીવને પણ શુભભાવ હોય છે તો આ કાળે તો તે છે જ પણ ધર્મધ્યાન એટલે શુક્લધ્યાન જેવી ઉગ્રદશા નથી પણ તેની જાતની થોડી દશા અત્યારે છે એમ સિદ્ધ કરવું છે. શુભભાવને અહીં સિદ્ધ કરવો નથી. શુક્લધ્યાનમાં ખૂબ ખૂબ શુદ્ધતા છે તે આ કાળે નથી. પણ તેથી માત્ર શુભભાવ જ છે અને શુદ્ધતાનો અંશ પણ નથી—એમ નથી. આ કાળે શુદ્ધતાનો અંશ પણ નથી એમ માનનારા નાસ્તિક અને જૂઠાબોલા છે.

'એકાગ્રચિંતાનિરોધ–ધ્યાન' આ કાળમાં નથી એ ઉત્સર્ગસૂત્ર છે. તે શુક્લધ્યાનની અપેક્ષાએ છે. ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી એ આ કાળે નથી પણ અંશે શુદ્ધતારૂપ ધ્યાન એ આ કાળે છે તેનો નિષેધ નથી. શુદ્ધતાનો અંશ થોડો છે તેથી સાથે રાગનો ભાગ રહી જાય છે તેના ફળમાં સ્વર્ગનો ભવ કરીને ફરી મનુષ્ય થઈને મોક્ષ જઈ શકે છે એ વાત સિદ્ધ કરવી છે.

શુભભાવથી એક અંશે પણ અશુદ્ધતાનો નાશ થઈ શકે નહીં. ચૈતન્યમૂર્તિ જ્ઞાયક શુદ્ધ સ્વભાવને જે દર્શન, જ્ઞાન વિષય બનાવે, તેનાથી જે શુદ્ધિ પ્રગટ થાય તે જ નિર્જરાનું કારણ છે. તેને જ અહીં ધર્મધ્યાન કહેવામાં આવ્યું છે. સામાયિક અને છેદોપસ્થાપના એ કાંઈ શુભભાવરૂપ ચારિત્ર નથી. એ પણ શુદ્ધતાનું આચરણ છે. માત્ર યથાખ્યાત જેવી શુદ્ધતા અને સ્થિરતા આ ચારિત્રમાં નથી એટલું જ કહેવું છે. ઉત્કૃષ્ટ ધ્યાન અને ઉત્કૃષ્ટ ચારિત્રનો જ આ કાળે નિષેધ છે પણ તેની જ જાતના અલ્પશુદ્ધિવાળા ધ્યાન અને ચારિત્રનો નિષેધ નથી. ધર્મધ્યાનમાં ભલે એકાગ્રતા થોડી છે પણ સ્વમાં એકાગ્રતા છે, પરમાં એકાગ્રતા નથી. આ બાબતમાં ઘણાંને વિરોધ છે તેથી અહીં છંછેડીને વાત થાય છે.

સમ્યગ્દર્શન છે તે શુભાશુભપરિણામથી રહિત વીતરાગી પર્યાય છે. સમ્યગ્દર્શન વિના ચારિત્ર ન હોય અને ચારિત્ર વિના મુનિપણું ન હોય, મુનિપણા વિના મોક્ષ ન હોય. આમ, મૂળમાં સમ્યગ્દર્શન છે તે અખંડાનંદ આત્મભગવાનને વિષય બનાવવાથી જ પ્રાપ્ત થાય છે અને આત્મભગવાનમાં એકાગ્રતાથી જ શુક્લધ્યાન અને તેનાથી મોક્ષ થાય છે. આ કાળે શુક્લધ્યાન જેટલી એકાગ્રતા થઈ શકતી નથી પણ અંશે એકાગ્રતા થાય છે માટે ધર્મધ્યાનનો શાસ્ત્રમાં ક્યાંય આ કાળે નિષેધ કહ્યો નથી એ માટે અહીં તત્ત્વાનુશાસનના રામસેનમુનિના બે અને કુંદકુંદઆચાર્યનાં અષ્ટપાહુડનો એક એમ ત્રણ આધાર આપીને યોગીન્દ્રદેવની વાત પુષ્ટ કરી છે. તો ભાઈ! તું ભ્રમ ન કરીશ. આ કાળે ચારિત્ર અને ધ્યાન નથી એમ ન માનીશ. અશુભથી છૂટીને શુભમાં

આવ તે કાંઈ નવું નથી. અહીં તો ધર્મધ્યાનમાં આવે તેની સફળતા છે.

ધર્મધ્યાન કોઈ સાધારણ ધ્યાન નથી અને સામાયિક ચારિત્ર કાંઈ સાધારણ ચારિત્ર નથી. શુક્લધ્યાનની હોડ કરે તેવું ધર્મધ્યાન છે અને યથાખ્યાતની હોડ કરે તેવું ચારિત્ર આ કાળે થઈ શકે છે. નિશ્ચય અને વ્યવહાર બંને ધર્મધ્યાન આ કાળે થઈ શકે છે. નિશ્ચય ધર્મધ્યાન સંવર-નિર્જરાનું કારણ થાય છે અને વ્યવહાર ધર્મધ્યાન પુણ્યબંધનું કારણ થાય છે.

હવે ૩૭મી ગાથામાં કહે છે કે જે મુનિરાજ સુખ-દુ:ખને સહન કરતાં થકા અર્થાત્ સુખમાં હર્ષ નહિ કરતાં અને દુ:ખમાં ખેદ નહિ કરતાં, બંનેને સમાન માને છે એવા સાધુ મુનિરાજ જ પુણ્યકર્મ અને પાપકર્મના સંવરના કારણ છે–કર્મને રોકવાના કારણ છે.

बिण्णि वि जेण सहंतु मुणि मणि सम-भाउ करेइ ।
पुण्णहँ पावहँ तेण जिय संवर-हेउ हवेइ ॥३७॥

પંચમકાળમાં પણ સંવર-નિર્જરા થઈ શકે છે એ વાત અહીં સિદ્ધ કરે છે. સમ્યગ્દષ્ટિને તો કદાચિત્ અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં રાગ-દ્વેષ અને હર્ષ-શોક થઈ આવે છે પણ મુનિને અનુકૂળતામાં હરખ કે પ્રતિકૂળતામાં ખેદ થતો નથી કારણ કે મુનિને એટલો સમભાવ પ્રગટ થઈ ગયો હોય છે. સમ્યગ્દષ્ટિને ચારિત્રની નબળાઈને લીધે મુનિ જેવો સમભાવ રહેતો નથી.

અર્થ :—સુખ-દુ:ખને સામ્યભાવે સહન કરતાં થકાં સ્વસંવેદનપ્રત્યક્ષજ્ઞાની નિશ્ચિત મનમાં સમભાવ ધારણ કરે છે અર્થાત્ રાગ-દ્વેષ-મોહ-રહિત સ્વાભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ એક સ્વરૂપ પરિણમન કરે છે, વિભાવરૂપ પરિણમતા નથી. માટે, તે મુનિ સહજમાં જ પુણ્ય અને પાપ બંનેના સંવરનું કારણ થાય છે.

જેણે સુખ-દુ:ખં એટલે અનુકૂળ અને પ્રતિકૂળ સંયોગોમાં સમભાવ પ્રગટ કર્યો છે અને શુભાશુભભાવથી રહિત નિજ આત્માનું પ્રત્યક્ષ વેદન કર્યું છે તેને મુનિ કહેવામાં આવે છે. આવા મુનિ એકદમ નિશ્ચિંત હોય છે. અંદરમાં કોઈ પણ સંયોગો દેખીને હરખ કે શોક થતો નથી. આત્મઅનુભવ સહિત આવો સમભાવ જેણે પ્રગટ કર્યો છે એવા મુનિઓ રાગ-દ્વેષ-મોહથી રહિત સ્વાભાવિક શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપે પરિણમન કરે છે. શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની દૃષ્ટિ તો કરી છે પણ એ રૂપે પરિણમન પણ કર્યું છે એવા મુનિઓને હરખ કે રાગ-દ્વેષ-મોહ તો થતાં નથી અને અતીન્દ્રિય આનંદનું

વેદન છે તેથી મુનિને જ સ્વયં પુણ્ય-પાપ કર્મના સંવરના હેતુ છે. તેથી મુનિને જ સંવરવંત અને સામાયિક, છેદોપસ્થાપનાવંત કહેવામાં આવે છે.

આત્માની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન, સ્વસંવદેનજ્ઞાન અને તે ઉપરાંત સમભાવ પ્રગટ થયો છે તેને શુભાશુભકર્મોનો સંવર થાય છે. શુભભાવથી કર્મોનો સંવર થતો નથી કેમ કે શુભભાવ સ્વયં આસ્રવ છે. માટે એવો ઉપદેશ અપાય છે કે હે મુનિ ! તમે સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્રને ધારણ કરો, ધર્મધ્યાન પ્રગટ કરો, સામાયિક ચારિત્ર પ્રાપ્ત કરો. એ જ સંવર-નિર્જરાનું કારણ છે, બીજા કોઈ ઉપાયથી સંવર-નિર્જરા નહિ થાય.

વાત મોંઘી છે તેથી જે સસ્તો રસ્તો શોધવા જાય છે તેને વધારે મોંઘુ પડી જાય છે. માટે, પ્રથમ વસ્તુનું સ્વરૂપ, તેના બંધનનું અને સંવરનું કારણ જેમ છે તેમ તેની શ્રદ્ધા તો કર ! શ્રદ્ધા તો કર !

જેટલાં શુભાશુભ પરિણામ થાય તે બધાં આસ્રવ છે. શુભાશુભ પણ જો નિશ્ચયધર્મની સાથે હોય તો તેને વ્યવહારધર્મ કહેવાય. નિર્વિકલ્પ દર્શન, સ્વસંવેદનજ્ઞાન અને ચારિત્રરૂપ નિશ્ચયધર્મ તે સ્વાશ્રિતભાવ છે તેના વિના પરાશ્રિત એવા શુભભાવને વ્યવહાર પણ કોણ કહે !

ભાવાર્થ :—કર્મના ઉદયથી સુખ-દુઃખ ઉત્પન્ન થતાં પણ જે મુનીશ્વર રાગાદિ રહિત મનમાં શુદ્ધ જ્ઞાન-દર્શનસ્વરૂપ પોતાના નિજ શુદ્ધસ્વરૂપને છોડતાં નથી તે પુરુષ અભેદનયથી દ્રવ્ય-ભાવરૂપ પુણ્ય-પાપના સંવરનું કારણ છે.

ભગવાન આત્મા કેવો છે ? કે—શુદ્ધ જ્ઞાનદર્શનસ્વરૂપ છે. એવા પોતાના નિજ આત્માની શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વક મુનિરાજ શુદ્ધસ્વરૂપની શાંતિને છોડતાં નથી, સમભાવને છોડતાં નથી, સ્વરૂપને છોડતાં નથી. ગમે તેવા કર્મના ઉદયમાં શાંતિ....શાંતિ....શાંતિને વેદે છે. આવા મુનિવરો જ અર્થાત્ આવો આત્મા જ દ્રવ્યકર્મ અને ભાવકર્મના સંવરનું કારણ છે એટલે કે શુભાશુભભાવ પણ મુનિને થતાં નથી અને પુણ્ય-પાપકર્મ પણ આવતાં નથી.

આવો સંવર ઉપાશ્રયમાં થાય, દેરાસરમાં થાય કે આત્મામાં થાય ? સંવર જેને થાય તેને આત્મામાં જ થાય. ભગવાન આત્માનો રંગ લાગે અને તેમાં સ્થિર થાય તેને ધર્મધ્યાન છે અને તેને સંવર થાય છે.

આ ૩૭ ગાથા થઈ. હવે ૩૮મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે મુનિરાજ

જ્યારે જેટલો કાળ રાગાદિ રહિત પરિણામો દ્વારા નિજ શુદ્ધાત્મસ્વરૂપમાં તન્મય થઈને રહે છે તેટલો કાળ સંવર અને નિર્જરાને કરે છે. વળી, જ્યાં વિકલ્પ ઊઠે અને શુભરાગ આવે ત્યાં તેટલો પુણ્યાસ્રવ થાય છે. ફરી શુદ્ધાત્મસ્વરૂપમાં તન્મય થાય ત્યારે સંવર થાય છે.

अच्छइ जित्तिउ कालु मुणि अप्प-सरूवि णिलीणु ।
संवर णिज्जर जाणि तुहुं सयल-वियप्प विहीणु ॥३८॥

અર્થ :—મુનિરાજ જ્યાં સુધી આત્મસ્વરૂપમાં લીન રહે છે અર્થાત્ વીતરાગ નિત્યાનંદ પરમસમરસીભાવથી પરિણમતા થકા પોતાના સ્વભાવમાં તલ્લીન થાય છે તે સમયે હે પ્રભાકરભટ્ટ ! તું સમસ્ત વિકલ્પ સમૂહોથી રહિત અર્થાત્ ખ્યાતિ, લાભ, પૂજા, આદિથી લઈને દરેક વિકલ્પોથી રહિત તે મુનિને સંવર-નિર્જરા સ્વરૂપ જાણ !

સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક મુનિરાજ જેટલો કાળ નિજસુધારસનું પાન કરે છે તેટલો કાળ તેમને સંવર અને નિર્જરા છે. તે કાળમાં મુનિને પોતાની જ ખ્યાતિ એટલે પ્રસિદ્ધિ અને પોતાનો જ લાભ થઈ રહ્યો છે અને પોતાની જ પૂજા થઈ રહી છે ત્યાં તેમને બહારની ખ્યાતિ, પૂજા અને લાભની અપેક્ષા ક્યાંથી હોય !

ચૈતન્યભગવાન પોતે પૂર્ણ પરમાત્મસ્વરૂપ જ છે, એ પરમાત્મસ્વરૂપમાં નજર કરીને ઠર્યો તેને બહારની પૂજા અને મોટાઈનું શું કામ હોય ! દુનિયામાં હું પ્રસિદ્ધ થાઉં, દુનિયામાં હું પ્રતિષ્ઠા પામું, બીજા સાધારણ જીવો મોટા ગણાય છે તો હું પણ મોટો ગણાઉં....એવી ઇચ્છા ધર્મીને હોતી નથી. પોતે જ પોતાથી પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન સહિતની શાંતિને પામતો હોય છે, પોતામાં પ્રતિષ્ઠા પામતો હોય છે તે બીજાને બતાવે તો જ એ શાંતિ રહે—એવું નથી અને બીજાં ન જાણે તેથી કાંઈ તેની સ્વરૂપ-શાંતિ ચાલી જતી નથી. લોકો વધારે માને તેથી કાંઈ ધર્મીની શાંતિ વધી જતી નથી અને ન માને તેથી કાંઈ તેની શાંતિ ઘટી જતી નથી.

અજ્ઞાનીઓને તો બહારથી જ બધું મળે છે એવી ભ્રમણા છે એટલે પોતાના પૈસાનો બહારમાં ઢંઢેરો પીટાય તો તેમાં મારી આબરૂ વધે છે એમ લાગે છે. આબરૂ વધે તો દીકરા-દીકરી વરાવવા સહેલાં થઈ જાય એ ખાતર પણ પ્રસંગે લાખો રૂપિયા ખર્ચી નાંખે પણ એને ખબર નથી કે એ તો બધું પૂર્વપુણ્ય અનુસાર થાય છે. લાખોનો ખર્ચ કર્યો માટે આબરૂ વધી જાય અને છોકરાં વરી જાય એ માત્ર અજ્ઞાનીની ભ્રમણા છે.

પૂર્વના પુણ્ય હોય તો બહારમાં તારા વખાણ થતાં હોય તેનાથી તારા આત્માને શું લાભ થાય! તું તો અંદરમાં આકુળતામાં પડ્યો હોય, કષાયના કીડાં અંદરમાં પડ્યા હોય અને બહારથી લોકો તારા વખાણ કરે તેનાથી તને શું શાંતિ થાય!

અહીં તો મહા દિગંબર સંત, જંગલમાં વસનારા યોગીરાજ, જેના શરીર પર એક વસ્ત્રનો તાણો પણ નથી, અંદર આનંદમાં ઝૂલનારા યોગીન્દ્રદેવ એમ કહે છે કે અરે મુનિ! તારી દશા આવી હોવી જોઈએ. પોતાને એવો સમભાવ પ્રગટ થયો છે કે દુનિયાના લાભ કે પૂજાની કાંઈ જરૂર નથી તેમ બીજાં મુનિને પણ કહે છે કે તમે પણ આવા સમભાવમાં રહો.

અમને કોઈ ઓળખે નહિ, ગણત્રીમાં ન ગણે–તો શું છે! તારે તારી ગણત્રી કરવી છે કે બીજાં પાસે ગણાવું છે?

ખ્યાતિ, લાભ, પૂજા આદિ બધાં વિકલ્પરહિત તે મુનિ જ સંવર-નિર્જરાસ્વરૂપ છે કેમ કે મુનિ નિજસુધારસ-નિર્વિકલ્પ આનંદનો પ્યાલો પી રહ્યાં છે. તેને દુનિયાની કાંઈ જરૂર નથી. આવા મુનિને જ અહીં મુનિ અને સંવર-નિર્જરાના કરનારા ધર્મી કહેવાય છે.

*[ક્રમશઃ]*

❀ સ્વ–પરને જાણવાની યોગ્યતા પર્યાયની પોતાની છે તેથી તેને જાણે ત્યારે જ્ઞેય તેમાં જણાયા એમ નિકટપણાને લીધે કહેવામાં આવે છે. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા દ્રવ્યોને જાણે છે ને પર્યાયમાં અનંતા દ્રવ્યો જણાવા લાયક છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે, ખરેખર તો જ્ઞાનની એક સમયની પર્યાય સ્વજ્ઞેય નિજ આત્માને જાણે ત્યાં અનંતા પરજ્ઞેયો તેમાં જણાય જાય એવી તે પર્યાયની શક્તિ છે.

*—જ્ઞાનવૈભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ*

*

# * સાચી નિર્જરાનું સ્વરૂપ *

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૭૫)

શ્રી નાટક સમયસારનો આ નિર્જરા અધિકાર છે. તેમાં, ધર્મ કેમ થાય અને ધર્મ થતાં અશુદ્ધતા અને કર્મ કેમ ગળે તેની વાત ચાલે છે. ૨૦મા પદ્યનો ભાવાર્થ લેવાનો છે.

ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, શુભાશુભભાવ થાય છે તે કાંઈ આત્માના સ્વરૂપમાં નથી, દેહાદિ તો પરદ્રવ્ય છે, તેથી તે કોઈ સ્વભાવને મદદગાર નથી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય તે પણ આત્માને 'નિર્જરા' ના કાર્યમાં મદદ કરતાં નથી. નિર્જરા તો જ્ઞાનાનંદસ્વરૂપમાં એકત્વ અને એકાગ્રતા કરતાં જ થાય છે. અંતરમાં એકાગ્રતાથી શુદ્ધતા પ્રગટ થાય છે. તેનાથી અશુદ્ધતાની અને કર્મોની નિર્જરા થાય છે.

આત્મા આનંદનો દરિયો છે એટલે અહીં તેને સમુદ્રની ઉપમા આપી છે. (૧) સમુદ્રમાં રત્નાદિ અનંત દ્રવ્યો રહે છે, જ્ઞાનમાં પણ અનંત દ્રવ્યો પ્રતિબિંબિત થાય છે. (૨) સમુદ્ર રત્નાદિરૂપ થઈ જતો નથી, જ્ઞાન પણ જ્ઞેયરૂપ થતું નથી. (૩) સમુદ્રનું જળ નિર્મળ રહે છે, જ્ઞાન પણ નિર્મળ રહે છે. (૪) સમુદ્ર પરિપૂર્ણ રહે છે, જ્ઞાન પણ પરિપૂર્ણ રહે છે. (૫) સમુદ્રમાં લહેરો ઉત્પન્ન થાય છે, જ્ઞાનમાં પણ મતિ, શ્રુત આદિ તરંગો ઉત્પન્ન થાય છે. (૬) સમુદ્ર મહાન હોય છે, જ્ઞાન પણ મહાન હોય છે.(૭) સમુદ્ર અપાર છે, જ્ઞાન પણ અપાર છે. (૮) સમુદ્રનું જળ નિજાધારે રહે છે, જ્ઞાન પણ નિજાધારે રહે છે. (૯) સમુદ્ર પોતાના સ્વરૂપની અપેક્ષાએ એક અને તરંગોની અપેક્ષાએ અનેક હોય છે, જ્ઞાન પણ જ્ઞાયકસ્વભાવની અપેક્ષાએ એક અને જ્ઞેયોને જાણવાની અપેક્ષાએ અનેક હોય છે.

શુભાશુભરાગની પાછળ આખો આ ચૈતન્યદરિયો છે પણ તેણે કદી નજર કરી નથી. આ ચૈતન્યદરિયાનું જે જ્ઞાન કરે અને તેનું વેદન કરે તે જીવને નિર્જરા થાય છે. એકલા ઉપવાસ કરવાથી નિર્જરા થાય તેમ નથી. એ આગળ ૨૧મા પદ્યમાં આવશે.

સમુદ્રમાં જેમ અનંત રત્ન છે તેમ, જ્ઞાનસમુદ્રમાં અનંતપદાર્થો જાણવામાં આવે

છે તેને રત્નની ઉપમા છે પણ જેમ, સમુદ્ર રત્નરૂપ થઈ જતો નથી તેમ, જ્ઞાન તે જણાવાયોગ્ય પદાર્થોરૂપ થઈ જતો નથી. ભગવાન આત્મા શરીર અને રાગાદિને જાણે છતાં શરીર કે રાગાદિરૂપ થતો નથી, એ તો ચૈતન્યસમુદ્ર ચૈતન્યપણે જ રહે છે. આવા ચૈતન્યને જે ઓળખે તેને ધર્માત્મા કહેવામાં આવે છે.

મધ્યલોકમાં દ્વીપ અને સમુદ્ર છે તેમાં જે છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે તેમાં નીચે રેતી નથી પણ રત્નો જ છે. પણ ત્યાં કોઈ મનુષ્ય નથી અને મનુષ્ય ત્યાં જઈ શકતા નથી તેથી રત્નોને કોઈ લેતું નથી.

આત્મા કોઈનું કાર્ય કરે કે આત્માનું કાર્ય કોઈ કરે એવો આત્મામાં ગુણ જ નથી. 'જાણવું' એ આત્માનું કાર્ય છે તેને આત્મા કહે છે.

શ્રોતા :—ગુરુને તો કરુણા હોય એટલે ગુરુ તો શિષ્યનું કાર્ય કરી આપે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—ગુરુ તો ન કરે પણ ગુરુના દેવ પણ કોઈનું કાર્ય ન કરી આપે. અહીં તો એ કહેવું છે કે એકમાત્ર દ્રવ્યના આશ્રયથી જ કલ્યાણ થાય છે, દ્રવ્યના આશ્રય વગર પર્યાયમાં કલ્યાણ થઈ જતું નથી. વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. દેવ, ગુરુ પણ પર છે તેનાં આશ્રયે કલ્યાણ થતું નથી.

જેમ, સમુદ્ર રત્નરૂપ ન થાય તેમ, જ્ઞાન જ્ઞેયરૂપ ન થાય. જ્ઞાનનો તો જાણવાનો સ્વભાવ છે તેથી જ્ઞાનમાં આ શરીર છે, પૈસા છે, વાણી છે, આ કર્મ છે એમ જાણવામાં આવે–એ રીતે અનંત જ્ઞેયો જાણવામાં આવે પણ કોઈ જ્ઞેયરૂપે જ્ઞાન થાય નહિ. આવા જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ કરે છે તેને ખરેખર 'આત્મા' કહેવાય.

સમુદ્ર જેમ નિર્મળ છે તેમ, જ્ઞાન પણ નિર્મળ છે. અનંત જ્ઞેયોને જાણવાથી જ્ઞાનમાં મેલ આવી જતો નથી. જ્ઞાન તો નિર્મળ-નિર્મળ જ છે. જ્ઞાનસ્વભાવ સદાય પરિપૂર્ણ છે. ભલે પર્યાયમાં અપૂર્ણતા હો પણ સ્વભાવ પૂર્ણ છે. ચૈતન્યસ્વરૂપ અખંડ, અભેદ અને પરિપૂર્ણ છે.

સમુદ્રમાં જેમ લહેર ઊઠે છે તેમ જ્ઞાનમાં મતિ, શ્રુતાદિના તરંગ ઊઠે છે. સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં મતિ આદિની તરંગ ઊઠે છે. રાગાદિ ઊઠે છે તે આત્મામાં નથી.

સમુદ્ર અપાર છે તેમ જ્ઞાન પણ અપાર છે. જ્ઞાનનું ક્ષેત્ર ભલે નાનું છે તો પણ તે અનંત—અપાર ક્ષેત્રને જાણી લે છે. અનંત દ્રવ્ય, અનંત ક્ષેત્ર, અનંત કાળ, અનંત ભાવોને તો જાણે પણ તેનાથી અનંતગુણા હોય તોપણ જ્ઞાન જાણી લે એવી

જ્ઞાનની શક્તિ અપાર છે. તેની મહિમા અપાર છે.

સમુદ્રનું જળ નિજાધારે છે તેમ, જ્ઞાન પણ નિજાધારે છે. લવણસમુદ્રની મધ્યમાં પાણી દસ દસ હજાર જોજન જેટલું ઊંચે ચડેલું છે. તેને કોઈએ ચડાવ્યું નથી. અનાદિથી એવી દેગડી ચડેલી છે તેને કોઈના આધારની જરૂર નથી તેમ ચૈતન્યભગવાન અનંતજ્ઞાને ઊછળે તેને કોઈની અપેક્ષા નથી. કોઈના આધારની જરૂર નથી.

જેમ સમુદ્ર તરંગની અપેક્ષાએ અનેક છે અને સ્વરૂપની અપેક્ષાએ એક છે તેમ, ચૈતન્ય પોતાના ધ્રુવભાવની અપેક્ષાએ એક છે અને મતિ, શ્રુત આદિ પર્યાયોની અપેક્ષાએ અનેક છે, અનેક જ્ઞેયોને જાણનારો છે.

આવા મહિમાવંત જ્ઞાનસ્વભાવના ભાન વિના જેટલી ક્રિયા કરે તે બધી રણમાં પોક મૂકવા સમાન છે. અણુવ્રત, મહાવ્રત કરીને સૂકાઈ જાય તોપણ તેને ધર્મ ન થાય. આ જ વાત ૧૦મા કળશમાં-૨૧મા પદમાં કહે છે.

'જ્ઞાનરહિત ક્રિયાથી મોક્ષ થતો નથી.'

केई क्रूर कष्ट सहैं तपसौं शरीर दहैं,
धूम्रपान करैं अधोमुख व्हैके झूले हैं ।
केई महाव्रत गहैं क्रियामें मगन रहैं,
वहैं मुनिभार पै पयारकैसे पूले हैं ।
इत्यादिक जीवनकौं सर्वथा मुकति नांहि,
फिरे जगमांहि ज्यौं वयारिके बधूले हैं ।
जिन्हके हियमैं ग्यान तिन्हिहीकौ निरवान,
करमके करतार भरममैं भूले हैं ॥२१॥

અર્થ :—અનેક મૂર્ખ કાયકલેશ કરે છે, પંચાગ્નિતપ આદિથી શરીરને બાળે છે, ગાંજો ચરસ વગેરે પીવે છે, નીચે મસ્તક અને ઉપર પગ રાખી લટકે છે, મહાવ્રતનું ગ્રહણ કરીને તપાચરણમાં લીન રહે છે, પરિષહ આદિનું કષ્ટ ઉઠાવે છે. પરંતુ જ્ઞાન વિના તેમની આ બધી ક્રિયા કણ વિનાના ઘાસના પૂળા જેવી નિસ્સાર છે. આવા જીવોને કદી મોક્ષ મળી શકતો નથી, તેઓ પવનના વંટોળિયાની જેમ સંસારમાં ભટકે છે—ક્યાય ઠેકાણું પામતાં નથી. જેમના હૃદયમાં સમ્યગ્જ્ઞાન છે, તેમને જ મોક્ષ છે. જ્ઞાનશૂન્ય ક્રિયા કરે છે તેઓ ભ્રમમાં ભૂલેલાં છે.

અનેક જીવો કાયકલેશથી ધર્મ થવો માનીને કાયાને કૃશ કરી નાંખે છે, અનેક

પ્રકારના કષ્ટ કહન કરે છે, મહાવ્રત પાળે છે અને તેની ક્રિયામાં જ મગ્ન રહે છે, અંતર ભાવલિંગ વિના મુનિપણાનો ભાર વહે છે પણ તેને બિલકુલ ધર્મ થતો નથી. અરે કાંઈક લાભ તો થાય ને! ના. જરાય લાભ ન થાય. રાગની ક્રિયાથી આત્માને લાભ ક્યાંથી થાય! આત્માના ભાન વિના—આત્માના વેદન વિના ક્રિયાકાંડમાં રંગાઈ ગયા છે તે જીવો વંટોળિયાના તરણાંની જેમ, જગતમાં આમથી તેમ ફર્યા કરે છે. —ચોરાસીના અવતારમાં રખડે છે.

આકરું કામ છે ભાઈ! બાહ્ય ક્રિયાથી ધર્મ ન થાય. જ્ઞાનમાં જ્ઞાનની ક્રિયા અંતરમાં થાય તે મોક્ષનું કારણ છે. બાકી, બાવાલોકો પંચાગ્નિ તપે, ઊંધા માથે લટકે, ગાંજો, ચરસ આદિ પીએ તેનાથી ધર્મ ન થાય. શરીરની ક્રિયા તો જડ છે તેનાથી આત્માનો ધર્મ ન થાય અને રાગની ક્રિયા અંદરમાં વિકલ્પરૂપે ઊઠે કે, દયા પાળું, વ્રત પાળું, ઉપવાસ કરું એવી રાગની ક્રિયા પણ વિકાર છે તેનાથી આત્માનો ધર્મ ન થાય. વિકલ્પ વિનાના ચૈતન્યતત્ત્વનું ભાન કરીને, આત્માનું વેદન કરે તે ધર્મ અને મોક્ષનું કારણ છે.

वहैं मुनिभार—આમ ચાલવું, આમ ભોજન લેવું, અમુક ક્રિયા કરવી, અમુક ન કરવી, પરિષહ સહન કરવા, ઉપવાસમાં પાણીનું એક બિંદુ પણ ન લેવું એવું બધું 'હું મુનિ છું' એમ માનીને નિયમરૂપે કરે પણ તે બધો કષાયભાવ છે—રાગભાવ છે. રાગ રહિત જ્ઞાનાનંદસ્વરૂપના ભાન વિના એ બધાં ભાવ નિરર્થક છે. કણ વિના ફોતરાં ખાંડવા સમાન છે, કારણ કે રાગરહિત જ્ઞાનસમુદ્ર ભગવાન આત્માની દૃષ્ટિ તો નથી તો તેને જરાય મુક્તિ નથી. પવનમાં ઉડતાં રજકણની જેમ સંસારમાં ભટકે છે-ક્યાંય ઠેકાણું પામતાં નથી.

જેમ, ચોખાની ઉપર કઠણ ફોતરું હોય અને નીચે લાલ રંગ હોય તે ચોખા નથી. તેમ શરીર છે તે ફોતરાં સમાન છે અને દયા-દાન-વ્રત-ભક્તિ આદિના પરિણામ થાય તે લાલ રંગ સમાન છે તેની અંદર રહેલાં રસકસથી ભરેલાં ઉજ્જ્વળ ચોખાની જેમ, ચિદાનંદ નિર્મળનાથનું જ્ઞાન અને તેનો અનુભવ કરવો તે ધર્મ છે. તેને જ નિર્જરા કહેવામાં આવે છે.

जिन्हके हियमैं ग्यान तिन्हिहीकौ निरवान—અંતરમાં જ્ઞાન, આનંદની મૂર્તિ ભગવાન આત્માનું જ્ઞાન છે તેને નિર્વાણ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન વિના ક્રિયા કરનારાં તો ભ્રમમાં ભૂલેલાં છે. અજ્ઞાનથી ભૂલ્યાં છે. દ્રવ્યસંયમ લઈને જીવ ઘણીવાર ગ્રૈવેયકમાં જઈ આવ્યો પણ ત્યાંથી ફરી ચારગતિમાં જ પટકાયો, મોક્ષ ન પામ્યો. વિકલ્પમાત્ર બંધન

છે, ઝેર છે, દોષ છે. તેનાથી રહિત અંતરમાં અતીન્દ્રિય આનંદના સાગરની દૃષ્ટિ અને જ્ઞાન, આનંદ, શાંતિ આદિ ગુણોની શક્તિને વ્યક્ત કરવી તેનું નામ નિર્જરા છે.

'જ્ઞાન' એટલે તત્ત્વજ્ઞાનની વાતો કરવી તે જ્ઞાન નથી. અંતરમાં જ્ઞાનસ્વરૂપ છે તેનું જ્ઞાનમાં વેદન કરવું, રાગ અને મનનો સંબંધ છૂટીને જ્ઞાન જ્ઞાનને વેદે-સ્વસંવેદન પ્રત્યક્ષ કરે—અનુભવે તેનું નામ જ્ઞાન છે. આવા જ્ઞાન વિના જીવો ભ્રમણામાં ભૂલેલાં, ચારગતિમાં રખડે છે.

હવે બનારસીદાસજી 'વ્યવહાર લીનતાનું પરિણામ' પદ્યમાં કહે છે.

लीन भयौ विवहारमैं, उकति न उपजै कोइ ।
दीन भयौ प्रभुपद जपै, मुकति कहासौं होइ? ॥२२॥

અર્થ :—જે ક્રિયામાં લીન છે, ભેદવિજ્ઞાન રહિત છે અને દીન થઈને ભગવાનના ચરણોમાં જાપ કરે છે અને એનાથી જ મોક્ષની ઈચ્છા રાખે છે તે આત્માનુભવ વિના મોક્ષ કેવી રીતે મેળવી શકે?

આ ખાવું, આ ન ખાવું, આટલા ઉપવાસ કરવા, અહિંસા પાળવી, સત્ય બોલવું એ તો બધી વિકલ્પની ક્રિયા છે, તેમાં તો લીન છે પણ ઉક્તિ એટલે ભેદવિજ્ઞાન નથી—આત્મા વિકલ્પથી જુદી ચીજ છે એવું એને ભાન નથી તે ધર્મમાં ભૂલેલાં છે. બે રીતે ભૂલમાં છે. વિકલ્પથી ભિન્નતાનું ભાન તો નથી અને વિકલ્પમાં જ લીન થઈ રહ્યાં છે. આ ભૂલ આજકાલની નથી, અનંતકાળથી ભૂલેલો છે. અનંતવાર દિગંબર જૈન મુનિ થઈને નવમી ગ્રૈવેઈક જઈ આવ્યો પણ વિકલ્પની ક્રિયાને પોતાની માનીને જ રહ્યો માટે તે મિથ્યાદૃષ્ટિ છે.

જે વિકલ્પની ક્રિયાથી ભિન્ન છે તે સમ્યગ્દૃષ્ટિ છે, ધર્મી છે. તે વ્યવહારથી મુક્ત છે. જ્યારે અજ્ઞાની વિકલ્પની ક્રિયારૂપ વ્યવહારમાં જ લીન છે. તેથી ચારગતિમાં રખડે છે. નાનપણમાં દુકાનમાં બેઠાં બેઠાં આ 'દ્રવ્યસંયમસે ગ્રૈવેઈક પાયો, ફેર પીછો પટક્યો' ની પંક્તિ સજ્જાયમાળામાં વાંચતો ત્યારે જ ખ્યાલ આવતો કે આ શું? રાગની ક્રિયા મારી છે એવી માન્યતારૂપ મિથ્યાત્વ પડ્યું છે ત્યાં સુધી ઉગરવાનો ઉપાય નથી. સ્વર્ગમાં, ગ્રૈવેઈકમાં અનેકવાર જાય તોપણ શું? સંસાર તો ઊભો જ રહ્યો. છઢાળામાં આવી ગાથા આવે છે કે—

"મુનિવ્રત ધાર અનંત બાર ગ્રૈવેઈક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો."

શ્રોતા :—ગ્રૈવેઈકમાં અનુકૂલતા તો મળી ને!—ધૂળેય અનુકૂળતા આત્માને મળી નથી. ત્યાં ઊંચી ધૂળ હતી ત્યાંથી પટકાઈને મનુષ્ય, તિર્યંચ થઈને નિગોદમાં ચાલ્યો ગયો.

બાપુ! આત્મતત્ત્વ કોઈ જુદું તત્ત્વ છે. શુભાશુભ વિકલ્પ તો આસ્રવ અને બંધતત્ત્વ છે. આત્મતત્ત્વને બદલે તું ક્યાં તત્ત્વમાં મોહાયો!

૭૨ની સાલમાં ફાગણ સુદ તેરસના દિવસે પાળિયાદમાં આ ચર્ચા બહુ ચાલી હતી, કેમ કે મૂળચંદજી વારંવાર બોલ્યા કરતાં હતાં કે ''ભગવાને દીઠું હોય તેમ થાય, આપણે કાંઈ પુરુષાર્થ ન કરી શકીએ.'' આવી પુરુષાર્થહીન વાત સાંભળીને કીધું, આવી વાત ક્યાંથી લાવ્યાં છો? ભગવાનની વાણીમાં આવા વાક્ય ન હોય, કેવળીએ દીઠું એમ જે માને તેને તો સમ્યગ્દર્શન થાય. એને ભવ ન હોય....પછી તો હું ઊઠી ગયો એટલે હીરાચંદજી મહારાજે કહ્યું, ભાઈ! આ કાંઈ મોટી ભૂલ નથી. ત્યારે કીધું હતું કે જીવ નવમી ગ્રૈવેઈક જઈ આવ્યો તોપણ આ ભૂલ રહી ગઈ છે. તે દિવસે આ વાત કહી હતી. (મિથ્યાત્વની ભૂલ કાંઈ નાની નથી.) આ વાત મને સાંભળવી પાલવે નહિ, આ સંપ્રદાય પાલવે નહિ, આ વાત પાલવે નહિ. ભગવાન જેના જ્ઞાનમાં બેઠાં એને ભવ જ ન હોય.

એક માણસે જયપુરમાં પ્રશ્ન કર્યો હતો–મહારાજ! ક્રમબદ્ધનો ખુલાસો કરો. 'જે પર્યાય જે સમયે જ્યાં જેવી થવાની હોય તે થાય'–તેનો અર્થ શું થાય? કીધું સાંભળો, ક્રમબદ્ધ એટલે કે જેને ચિદાનંદ જ્ઞાયકસ્વરૂપનું અંતરમાં ભાન થયું તેને રાગનું અને પરનું કર્તાપણું મારામાં નથી એવું અકર્તાપણાનું ભાન થયું તે જીવ પર્યાય જે કાળે જ્યાં થાય તેને જાણે પણ કર્તા ન થાય–એ ક્રમબદ્ધનું તાત્પર્ય છે.

આમ, ''જ્ઞાતા થવું'' એ ક્રમબદ્ધનું તાત્પર્ય છે. રાગથી અને નિમિત્તથી પાર મારી ચીજ છે એમ જેને જ્ઞાયકનું ભાન થયું તે જ્ઞાતા થઈ ગયો. રાગનો કર્તા ન રહ્યો. જેની દૃષ્ટિ તો રાગ ઉપર હોય અને બોલે એમ કે થવું હોય તેમ થશે તેની દૃષ્ટિ અને જ્ઞાન સાચું નથી. ક્રમબદ્ધનો વિષય નવો છે અને ઝીણો છે એટલે સમજવો કઠણ પડે.

અહીં કહે છે અહો! ભગવાન આત્મા જ્ઞાનનો સાગર, આનંદનો સાગર છે તેની દૃષ્ટિ નહિ કરતાં જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં જ ધર્મબુદ્ધિથી લીન છે તે મૂરખ ભેદવિજ્ઞાનથી રહિત છે. તેને સમ્યગ્દર્શન નથી. રાગમાં લીન છે તેને રાગથી ભિન્નતાનું ભાન જ નથી. તે તો પ્રભુ પાસે દીનતા કરે છે કે હે પ્રભુ! મને તારજો. આવી દીનતા કરે છે તે મૂઢ છે. ભગવાન....ભગવાનનો જાપ કરે તોપણ

ભગવાન તેને તારી ન દે. જાપ કરવો એ તો રાગ છે તેનાથી આત્મા કેવી રીતે તરે! જાપ આદિ બધાં શુભરાગ પુણ્યબંધના કારણ છે, ધર્મ નથી.

પોતે પ્રભુશક્તિ ધારીને બેઠો છે તેનું તેને ભાન નથી અને એકાંતે પોતાને પામર માનીને ભગવાનનો જાપ કરે છે તે મૂરખ ચારગતિમાં રખડવાના છે. તેને मुक्ति कहीं से होय ? કવિએ ઉક્તિ અને મુક્તિનો મેળ કર્યો છે. અખંડાનંદ ધ્રુવનિજપદનાં ભાન વિના, રાગની ક્રિયાથી ભિન્ન પોતાના સ્વરૂપના ભાન વિનાના જીવો દીન થઈને પ્રભુના ચરણને પૂજે કે હે નાથ! મને તારજો હો. તો પ્રભુ તેને તારી દે? ભગવાન તો પરદ્રવ્ય છે તે ભક્તને કેવી રીતે તારે! ભક્ત પોતે તરે ત્યારે ભગવાનને નિમિત્ત કહેવાય.

પર્યાયમાં રાંકો (પામર) હોવા છતાં દ્રવ્યસ્વભાવે ત્રિકાળે જ્ઞાયકમૂર્તિ પ્રભુ છે તેની પ્રતીત અને ભજન નથી તેને કોણ તારે!

૧૮ વર્ષની ઉંમરમાં એક અર્જિકા થઈ ગયેલ તે અર્જિકા અમારી પાસે આવ્યા હતા કે આપના ત્રણ વ્યાખ્યાન સાંભળ્યા. આજે જ મને ખબર પડી કે મારી ચીજ શું છે!

ભગવાનપણાના ભાન વિના દયા કરો....દયા કરોના પોકાર કરે છે એ તો મૂઢ છે.

શ્રોતા :—ભક્ત તો ભગવાન પાસે એમ જ કહે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ તો કથનની શૈલી એવી હોય છે. બાકી, પોતાને દીન માને એ તો મૂઢ છે. ત્રણલોકનો નાથ ચિદાનંદપ્રભુ એક સમયની પર્યાય જેવડો નથી છતાં પોતાને પર્યાયમાત્ર માનીને હીન માનવો તે મિથ્યાત્વ છે.

વળી બીજુ એવું જ પદ્ય બનારસીદાસજી લખે છે–

प्रभु सुमरौ पूजौ पढौ, करौ विविध विवहार,
मोख सरुपी आतमा, ग्यानगम्य निरधार ॥२३॥

અર્થ :—ભગવાનનું સ્મરણ કરવાથી, પૂજા-સ્તુતિ કરવાથી અથવા અનેક પ્રકારનું ચારિત્ર ગ્રહણ કરવાથી કાંઈ થઈ શકતું નથી, કેમ કે મોક્ષસ્વરૂપ આત્મા અનુભવ-જ્ઞાનગોચર છે.

ભગવાનનું સ્મરણ, પૂજા, ભક્તિ આદિ અનેક પ્રકારના શુભ વિકલ્પ આવે, કેમ કે હજુ પૂર્ણદશા પ્રગટ થઈ નથી ત્યાં સુધી એવા વિકલ્પ તો આવે પણ તે

મુક્તિના કારણ ન થાય એમ ધર્મી તો જાણે છે પણ અજ્ઞાનીને અંદરમાં એમ શલ્ય રહી જાય છે કે ભગવાનના સ્મરણ આદિ વગર હું ભગવાન કેમ થઈ શકું! એને ખબર નથી કે સ્વયં મોક્ષસ્વરૂપી આત્મા અંતરમાં જ્ઞાનમાં જ ગમ્ય થાય તેવો છે. કોઈ ક્રિયાથી તેની પ્રાપ્તિ થાય તેમ નથી. મોક્ષસ્વરૂપી આત્મા અનુભવજ્ઞાનમાં જ ગોચર થાય તેમ છે તે નક્કી કરવા બનારસીદાસજી ૨૪મા પદ્યમાં દાખલા આપે છે.

'જ્ઞાન વિના મોક્ષમાર્ગ જાણી શકાતો નથી'

काज विना न करै जिय उद्यम
लाज विना रन मांहि न जूझै ।
डील विना न सधै परमारथ,
सील विना सतसौं न अरूझै ॥
नेम विना न लहै निहचै पद,
प्रेम विना रस रीति न बूझै ।
ध्यान विना न थंभै मनकी गति,
ग्यान विना सिव पंथ न सूझै ॥२८॥

અર્થ :—પ્રયોજન વિના જીવ ઉદ્યમ કરતો નથી, સ્વાભિમાન વિના સંગ્રામમાં લડતો નથી, શરીર વિના મોક્ષ સાધતો નથી, શીલ ધારણ કર્યા વિના સત્યનો મેળાપ થતો નથી, સંયમ વિના મોક્ષપદ મળતું નથી, પ્રેમ વિના રસની રીત જાણી શકાતી નથી, ધ્યાન વિના ચિત્ત સ્થિર થતું નથી અને જ્ઞાન વિના મોક્ષમાર્ગ જાણી શકાતો નથી.

काज विना—પૈસાના પ્રયોજન વિના કોઈ ધંધો કરતું નથી. એ જ રીતે કાંઈપણ પ્રયોજનથી જ માણસ કાર્ય કરે છે. પ્રયોજન વિના ઉદ્યમ કોઈ કરતું નથી. लाज विना—રાજા થઈને લડવા ન જાય તો નાક કપાય તેથી સ્વાભિમાન ખાતર ૨૫ વર્ષનો નવપરિણત યુવાન રાજા પણ લડવા જાય–'અમે રજપૂત છીએ, પ્રાણ જાય તોપણ પાછા ન ફરીયે.'

डील विना न सधै परमारथ—મનુષ્યભવ વિના મુક્તિ ન હોય. મનુષ્યભવથી મુક્તિ થતી નથી પણ તિર્યંચ, નારક કે દેવભવમાંથી મુક્તિ ન થાય. મનુષ્યભવમાંથી જ મુક્તિ થાય એમ સિદ્ધ કરવું છે. 'જ્ઞાન વિના શિવપંથ ન સૂઝે' તે વાતને સિદ્ધ કરવા આ દ્રષ્ટાંત આપ્યા છે. મનુષ્યભવ વિના મુક્તિ થઈ શકતી નથી.

सील विना—બ્રહ્મસ્વરૂપ ભગવાન આત્મામાં આચરણરૂપ અંતરના શીલ વિના

સત્યસ્વરૂપનો મેળાપ થતો નથી. ભોપાલમાં હમણાં એક ૨૫ વર્ષના જુવાન છોકરાએ આજીવન બ્રહ્મચર્ય લીધું. એંજીનીયર છે, સારો પગાર છે અને તત્ત્વનું જાણપણું પણ છે, હોશિયાર છે. કહે છે–'મારગ તો આ છે, બાકી તો બધું અનંતવાર કરીને મરી ગયા.'- છ ભાઈઓ છે, ચાર પરણેલાં છે, આણે બ્રહ્મચર્ય લીધું તેથી પિતાજી તો રાજી છે પણ માતા જરાં રડે છે એમ કહેતો હતો. અરે, આ તો નિવૃત્તિ લીધી, એટલી પ્રવૃત્તિથી છૂટ્યો, એમાં રોવા જેવું શું છે? આ એક શુભરાગ છે, ધર્મ નથી. અંતરમાં અતીન્દ્રિય આનંદરૂપ શુદ્ધભાવના શીલ વિના સત્યનો મેળાપ થતો નથી.

नेम विना न लहै निहचै पद–સ્વરૂપનું સમ્યક્ દર્શન અને જ્ઞાન થવા છતાં સ્વરૂપના ચારિત્ર વિના કદી મુક્તિ મળતી નથી. ચારિત્ર અર્થાત્ સંયમ એટલે સ્વરૂપમાં રમણતા, સ્વરૂપમાં આનંદની રમણતા વિના માત્ર સમ્યગ્દર્શન-જ્ઞાનથી મુક્તિ થતી નથી અને આત્મામાં પ્રેમ વિના અતીન્દ્રિય આનંદનો રસ આવતો નથી અને તેમાં એકાગ્રતા થઈ શકતી નથી. શુભાશુભરાગનો રસ છૂટીને આનંદનો રસ આવ્યા વિના અંતરમાં એકાગ્રતા થઈ શકતી નથી. 'હું પરમાત્મા છું' એવો પ્રેમ થાય તેને જ આનંદનો રસ આવે.

ध्यान विना न थंमै मनकी गति–અંતરમાં સ્થિરતારૂપ ધ્યાન વિના મનની ચંચળતાને રોકી શકાતી નથી. ભગવાન સર્વજ્ઞદેવે જે આતમા કહ્યો તેના ધ્યાન વિના મન સ્થિર થતું નથી. અજ્ઞાની કહે છે તેવા ધ્યાનની આ વાત નથી.

આ બધાં દૃષ્ટાંત કહીને આ સિદ્ધ કરવું છે કે ग्यान विना सिवपंथ न सूझै। રાગથી ભિન્ન ભગવાન આત્મસ્વરૂપના ભાન વિના મોક્ષનો માર્ગ સૂઝતો નથી. શાસ્ત્રના જાણપણા થઈ જાય તે જ્ઞાન નથી. આત્માનું જ્ઞાન–અતીન્દ્રિય આનંદ સહિત આત્માનું જ્ઞાન–રાગથી ભિન્ન ભગવાન આત્માના જ્ઞાન વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પંથની સૂઝ પડતી નથી.

દૃષ્ટાંત આપીને કેટલું સ્પષ્ટ કર્યું છે. તું પોતે જ્ઞાનસ્વરૂપ જ ચૈતન્ય છો એવા જ્ઞાનનું અનુભવીજ્ઞાન-સ્વસંવેદનજ્ઞાન વિના મોક્ષપંથ હાથ આવતો નથી. સમ્યગ્જ્ઞાન વિના સમ્યગ્દર્શનની ખબર ન પડે, સમ્યગ્જ્ઞાન વિના જ્ઞાનની ખબર ન પડે, સમ્યગ્જ્ઞાન વિના આત્માની ખબર ન પડે અને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્રની પણ ખબર ન પડે. આવા જ્ઞાન વિના નિર્જરા ન થાય એમ સિદ્ધ કર્યું છે. જ્ઞાન વિના ગમે તેટલી ક્રિયા કરે તેનાથી નિર્જરા કે ધર્મ ન થાય એમ સિદ્ધ કર્યું છે. માત્ર પુણ્ય કરીને દેવ કે શેઠનો ભવ કરીને નીચે ચાલ્યાં જાય, એ રખડતાં રામ રહે પણ આતમરામ ન થાય.

આ નિર્જરા અધિકાર છે. નિર્જરા એટલે કર્મોનું ટળવું. આવી નિર્જરા કોને થાય? કે રાગ, કર્મ અને શરીર રહિત આત્માનું જ્ઞાન કરે, આત્માની શ્રદ્ધા કરે અને આત્મામાં સ્થિર થાય એટલે કર્મ ગળે. તે સિવાય ઉપવાસ કરી કરીને મરી જાય તોપણ નિર્જરા ન થાય.

આમાં સાર તો એટલો કહેવો છે કે જેટલો વિકલ્પ છે–વ્યવહાર છે તે બધો બંધનું કારણ છે. વિકલ્પથી રહિત ભગવાન આત્માનો આશ્રય લઈને જેટલી જ્ઞાન, આનંદ, શાંતિની શુદ્ધતા પ્રગટ થાય એટલો જ ધર્મ છે અને એટલી જ નિર્જરા છે. તે સિવાય માત્ર બાહ્ય ક્રિયાકાંડથી નિર્જરા થવાનું માને છે તે પોતાના મિથ્યાત્વને પુષ્ટ કરે છે. આનંદમૂર્તિ આત્માની સમીપ વાસ કરવો તે ઉપવાસ છે અને તેનાથી નિર્જરા થાય છે. આત્માની સમીપતા વિના તો બધી લાંઘણ છે–ઉપવાસ નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન વિનાના ઉપવાસ–લાંઘણ મિથ્યાત્વ સહિત પુણ્યબંધનું કારણ છે. અહિંસા પાળે, સત્ય બોલે તેનાથી પુણ્યબંધ થાય પણ મિથ્યાત્વ ગયા વિના અને સમકિત થયા વિના વ્રતાદિ આત્માને લાભરૂપ થતાં નથી. *[ક્રમશઃ]*

*

## કારણપરમાત્મા એ જ ખરેખર આત્મા

કારણપરમાત્મા એ જ ખરેખર આત્મા છે. નિર્ણય કરે છે પર્યાય, નિત્યનો નિર્ણય કરે છે અનિત્ય પર્યાય, પણ તેનો વિષય છે કારણપરમાત્મા, તેથી તે જ ખરેખર આત્મા છે. પર્યાયને અભૂતાર્થ કહીને વ્યવહાર કહીને અણાત્મા કહ્યો છે. કારણપરમાત્મા પ્રભુ ઉપાદેય છે, અતિ આસન્નભવ્ય જીવોને એવા નિજ કારણપરમાત્મા સિવાય અન્ય કોઈ ઉપાદેય નથી. પર્યાય કે રાગ કે નિમિત્ત કોઈ ઉપાદેય નથી. નિજ પરમાત્માને જે પર્યાયે ઉપાદેય કર્યો, તે પર્યાયને આત્મા કરતો નથી. અમિતગતિ આચાર્યદેવના યોગસારમાં આવે છે કે પર્યાયનો દાતા દ્રવ્ય નથી, કેમ કે પર્યાય સત્ છે ને સત્‌ને કોઈનો હેતુ નથી. તેથી સમ્યગ્દર્શનની પર્યાય સ્વનો આશ્રય લ્યે છે તે પર્યાયના પોતાના સામર્થ્યથી છે. આત્માનું જેવું સામર્થ્ય છે તેવું શ્રદ્ધા-જ્ઞાનમાં આવે છે પણ તે સમ્યગ્દર્શન–જ્ઞાનની પર્યાયના પોતાના સામર્થ્યથી છે, પરંતુ એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે નિજ પરમાત્મા સિવાય અન્ય કાંઈ ઉપાદેય નથી.

*—દ્રવ્યદૃષ્ટિપ્રકાશક પૂજ્ય ગુરુદેવ*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *પૂજ્ય ગુરુદેવના વચનામૃતમાં 'ૐ સહજ ચિદાનંદ' આવે છે, તો તેમાં શું કહેવું છે ?*

**સમાધાન :—** ૐ એ ભગવાનની વાણી છે. ૐ ધ્વનિ નિરક્ષરી હોય છે. જિનવાણીનો ગુરુદેવને બહુ પ્રેમ હતો એટલે તેમને "ૐ સહજ ચિદાનંદ" એમ આવતું. સહજ ચિત્‌સ્વરૂપ, આનંદસ્વરૂપ આત્મા છે. સહજ ચિદાનંદ એવા આત્માને તું ઓળખ. તે શેનાથી ઓળખાય ? આ ૐથી ઓળખાય છે–ભગવાનની વાણીથી આત્મા ઓળખાય છે. ગુરુદેવને ૐનો ભાસ પણ થયો હતો.

મુમુક્ષુ :—સહજ ચિદાનંદ આત્મા ૐકાર ધ્વનિ દ્વારા ઓળખાય ?

બહેનશ્રી :—આત્મા સહજ ચિદાનંદ છે તે ૐકાર ધ્વનિ દ્વારા ઓળખાય છે. ભગવાન આત્મા સહજ ચિદાનંદ છે તેને ભગવાનની વાણી ઓળખાવે છે. એવો ઉપાદાન–નિમિત્તનો સંબંધ છે. ૐને ઓળખે તે આત્માને ઓળખે. ૐકાર દ્વારા બધું ઓળખાય છે. અનાદિકાળથી જીવ પરિભ્રમણ કરે છે. તેમાં ભગવાન સાક્ષાત્ મળે, ભગવાનની વાણી મળે અથવા ગુરુની વાણી મળે ત્યારે આત્માને ઓળખે. આવો ઉપાદાન–નિમિત્તનો સંબંધ છે અર્થાત્ એવો વાણી સાથે નિમિત્ત– નૈમિત્તિક સંબંધ છે. ગુરુદેવને જિનવાણીનો કોઈ જુદી જ જાતનો પ્રેમ હતો. તેમને અંદરથી સહજ શ્રુતનો પ્રેમ હતો.

મુમુક્ષુ :—ગુરુદેવ પૂર્વે સાંભળીને આવ્યા હતા ને ?

બહેનશ્રી :—હા, પોતે પૂર્વે સાંભળીને આવ્યા હતા. એક અભીક્ષ્ણ જ્ઞાન ઉપયોગ (શાસ્ત્રમાં) આવે છે, એવું શ્રુતનું જ્ઞાન ગુરુદેવને અંતરમાંથી આવતું હતું. તેમને જિનવાણીનું એટલું બહુમાન હતું કે વાણીનો અર્થ કરતાં થાકતા જ ન હતા, શાસ્ત્રોના અર્થો તેઓશ્રીની વાણીમાં એકધારાએ નીકળ્યા કરતા હતા. વ્યાખ્યાન આપે ત્યારે એક શબ્દમાં આખું બ્રહ્માંડ ખડું કરતા હતા. ૐકારનું બહુમાન સહેજે હતું. જિનવર તે જીવ અને જીવ તે જિનવર એમ વારે વારે સહેજે તેમના હૃદયમાંથી આવતું હતું. તેમનું દ્રવ્ય જ એવું હતું એટલે સહેજે આવું આવતું હતું. તેઓ બધાને 'ૐ' લખી દેતા. કોઈને 'ૐ સહજ ચિદાનંદ' પણ લખી દેતા.

**પ્રશ્ન :—** *વિકલ્પમાં તત્ત્વના વિચારો તો ઘણા ચાલ્યા કરે છે પણ તત્ત્વનિર્ણય સુધી પહોંચાતું નથી, વિકલ્પમાં તત્ત્વના વિચારો સિવાય લાંબું કાંઈ દેખાતું નથી. તો શું કરવું જોઈએ ?*

**સમાધાન :—** પોતાના પુરુષાર્થની મંદતા છે એટલે આગળ જઈ શકતો નથી. તત્ત્વનો અભ્યાસ છે એટલે તત્ત્વના વિચારો કર્યા કરે; પણ આ જ્ઞાયક તે જ હું છું એમ તેને (ઊંડાણથી) ગ્રહણ કરીને જ્ઞાયકની શ્રદ્ધા કરતો નથી. શ્રદ્ધાના બળથી હું જ્ઞાયક છું તેવો ભેદજ્ઞાનનો અભ્યાસ-બોલવા રૂપે નહિ પણ અંતરમાંથી કર્યા વગર આગળ જઈ શકાતું નથી. દ્રવ્યદૃષ્ટિના જોરથી ને ભેદજ્ઞાનના અભ્યાસના જોરથી તે આગળ જઈ શકે છે.

તત્ત્વના નિર્ણય પછી પણ શ્રદ્ધાનું બળ જોરદાર રાખીને ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા કરવો. તે વગર આગળ જઈ શકાતું નથી.

મુમુક્ષુ :—સ્વ-પરનું સ્વરૂપ બુદ્ધિમાં બરાબર બેસી જાય છે, છતાં શુષ્કતા જેવું લાગે છે અને ભાવથી ભીંજાઈને જે આવવું જોઈએ તે આવતું નથી, તો આ સ્થિતિમાં શું કરવું ? તે કૃપા કરીને સમજાવશો.

બહેનશ્રી :—પોતાનું કારણ પોતે પકડવાનું છે. અંદરથી હૃદય ભીંજવીને, આત્માની મહિમા લાવીને, તત્ત્વના નિર્ણયને દૃઢ કરીને તેમ જ તેનો પુરુષાર્થ કરીને પોતે જ આગળ જવાનું છે. જે એકત્વબુદ્ધિ થઈ રહી છે તેને તોડ્યે જ છૂટકો છે. બંને સામસામું છે – અહીં સ્વમાં એકત્વબુદ્ધિ કરવાની છે અને પરથી છૂટું પડવાનું છે. જ્ઞાયક નિરાળો છે. તે નિરાળાને નિરાળારૂપે પરિણમનમાં લાવવાનો છે. આ કર્યા વગર છૂટકો નથી. દ્રવ્ય ઉપરની દૃષ્ટિના જોરપૂર્વક ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો, તેના વગર બીજો કોઈ ઉપાય નથી. આમ અંતરમાં પોતે પોતાના હૃદયને ભીંજવીને પુરુષાર્થ કરવો, આ એક જ ઉપાય છે. સ્વ તરફ જવું હોય તો આ જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી, તેવો નિર્ણય પોતાને આવવો જોઈએ અને તે નિર્ણયના બળે તેવી જાતનો પુરુષાર્થ પોતે કરે તો થાય.

મુમુક્ષુ :—નિર્ણય એમ જ છે કે જ્ઞાયકના આશ્રય વિના સમ્યગ્દર્શન પ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય નથી, પણ બળ આવતું નથી, તો શું કરવું ?

બહેનશ્રી :—અંદરનો પુરુષાર્થ કર્યા વગર, લગની લગાડ્યા વગર છૂટકો જ નથી. અનાદિનો બીજો અભ્યાસ છે અને પુરુષાર્થની મંદતા છે એટલે ગમે ત્યાં ક્યાંક રોકાયા કરતો જ હોય છે. પણ ભેદજ્ઞાનનો વારંવાર–વારંવાર અભ્યાસ કર્યા જ કરે તે જ ઉપાય છે.

મુમુક્ષુ :—આપ કહો છો તે વાત સાચી છે કે જીવ ક્યાંક રોકાતો હોય છે, અને જ્યાં રોકાય છે તેનો ખ્યાલ પણ આવે છે, પણ તે વખતે કઈ રીતે જુદું પડવું ?

બહેનશ્રી :—જ્ઞાનથી નિર્ણય કર્યો, પણ અંદરથી હૃદય એટલું ભીંજાયેલું હોય–પોતાને અંદરથી ખટક લાગે તો છૂટો પડે. અંદરમાંથી ખટક લાગવી જોઈએ તેમ જ જ્ઞાયકની મહિમા આવવી જોઈએ, આ વિભાવ માત્ર દુઃખરૂપ છે તેવું અંદર વેદનમાં લાગવું જોઈએ; આ વિભાવ દુઃખરૂપ છે ને દુઃખફળરૂપ છે તેવી ખટક લાગે તો તેનાથી છૂટો પડે. નિર્ણય પછી પણ તેને પોતાને ખટક લાગવી જોઈએ, તો છૂટો પડે. માત્ર વિચાર કર્યા કરે એમ નહિ, પણ અંદરથી ખટક લાગવી જોઈએ.

મુમુક્ષુ :—જ્યાં સુધી પોતાને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આમ જ કર્યા કરે ?

બહેનશ્રી :—પોતાને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપી પોતાની શ્રદ્ધા જોરદાર કરવાનો પ્રયત્ન કરવો અને ભેદજ્ઞાન કરવું. આ એક જ માર્ગ છે. દ્રવ્ય–ગુણ–પર્યાયનું સ્વરૂપ ચારે બાજુથી સમજે, ચારે બાજુથી શાસ્ત્રનાં પડખાં વિચાર્યા કરે. તત્ત્વ વિચારે અને પોતે સ્વયં અંતરમાં વિચારી શાસ્ત્રમાં આવે છે તે પ્રમાણે નક્કી કરે. પોતાની શ્રદ્ધાનું બળ પોતે લાવવું જોઈએ કે આ હું જ્ઞાયક છું અને આ હું નથી.–આવું શ્રદ્ધામાં બળ લાવવું, એકવાર વિચાર કરે કે આ હું છું ને આ હું નથી તો કાંઈ ન થાય. પણ તે કાર્યમાં લાવવું જોઈએ, અંતર પરિણતિમાં લાવવું જોઈએ. ઉપાય તો આ એક જ છે.

જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી થયા છે. અને જે કોઈ નથી થયા તે ભેદવિજ્ઞાનના અભાવથી નથી થયા. ભેદજ્ઞાન ક્યાં સુધી ભાવવું ? તેના બે અર્થ છે. એક એ કે જ્યાં સુધી આ આત્મા પોતે છૂટો પડીને સ્વરૂપમાં સ્થિર ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવવું અને બીજો અર્થ એ છે કે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવવું. જોકે શરૂઆતમાં (ભેદજ્ઞાનનો) અભ્યાસ સહજ હોતો નથી, તો પણ અભ્યાસ કર્યા કરે. સમ્યગ્દર્શન પામ્યા પહેલાં અને પછી પણ, કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવ્યા કરવું. દ્રવ્યદૃષ્ટિનું જોર–ભેદજ્ઞાનનું બળ–ઠેઠ કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સાથે રહે છે. આ એક જ ઉપાય છે. અધૂરી દશા છે એટલે અણુવ્રત, પંચમહાવ્રત, દેવ–શાસ્ત્ર–ગુરુની મહિમા, વગેરે એવા શુભભાવો તેમ જ સમ્યગ્દર્શનના આઠ અંગરૂપ વ્યવહારિક ભાવો આવે છે, તે બધું સાથે હોય છે; પણ મોક્ષનો ઉપાય તો અંતરમાં એક સમ્યગ્દર્શનની સહજધારા ચાલે તે છે. સમ્યગ્દૃષ્ટિને સહજ જ્ઞાતાધારા ચાલે છે અને તે સહજ પુરુષાર્થથી ચાલે છે. તેણે સહજ માર્ગ જાણી

લીધો છે. અનુભવ પહેલાં જિજ્ઞાસુને પણ અભ્યાસ તો એક જ કરવાનો છે, જે માર્ગ છે તે માર્ગનો જ અભ્યાસ કરવાનો છે. અભ્યાસ ન થાય તો વારંવાર પુરુષાર્થ કરવો; પણ માર્ગ તો એક જ છે. ભેદવિજ્ઞાન ક્યાં સુધી ભાવવું ? કે આત્મા આત્મામાં ઠરી ન જાય ત્યાં સુધી ધારાવાહી ભાવવું, એમ સમયસારમાં આવે છે.

*

## વૈરાગ્ય સમાચાર :—

રાણપુરનિવાસી (હાલ જેતપુર) સ્વ. શ્રી મગનલાલ કેશવલાલ ચૌવટીયાના ધર્મપત્ની શ્રી તારાબેન તા. ૫-૩-૨૦૦૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મલકાપુરનિવાસી શ્રી લક્ષ્મણજી રૂખબજી જૈન (—પંડિત મધુભાઈ જૈન—જલગાંવ—ના પિતાશ્રી) (વર્ષ-૯૦) તા. ૮-૩-૨૦૦૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ભીવંડી નિવાસી (હાલ જામનગર) શ્રી વિજયાબેન ઝવેરચંદ ગડા (—લંડન નિવાસી પ્રેમચંદભાઈના નાના ભાઈના ધર્મપત્ની) (વર્ષ-૬૩) તા. ૨૩-૩-૨૦૦૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોલાપુરનિવાસી શ્રી કેશવલાલ દીપચંદ શાહના ધર્મપત્ની (વર્ષ-૭૩) તા. ૨૫-૩-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ઉજ્જૈનનિવાસી શ્રી ફૂલચંદજી ઝાંઝરીના ધર્મપત્ની માણેકદેવી (વર્ષ-૮૪) તા. ૨૫-૩-૨૦૦૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વની ઘણી જ રુચિ હતી, દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ ખૂબ ભક્તિભાવ હતો.

સુરતનિવાસી ડૉ. શ્રી રાજેન્દ્રભાઈ પ્રેમચંદભાઈ શાહના સુપુત્રી શ્રી ૠતા સમીરભાઈ ઝવેરી-મુંબઈ (વર્ષ-૨૩) તા. ૧-૩-૨૦૦૦ના રોજ લગ્નના એક મહિના બાદ અકસ્માતથી અચાનક સ્વર્ગવાસ પામ્યા છે. તેમને દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ ભક્તિભાવ હતો, નાની ઉંમરથી ધર્મનો ઘણો રસ હતો.

સોનગઢનિવાસી (હાલ રાજકોટ) સ્વ. શ્રી ખીમચંદભાઈ જેઠાલાલ શેઠના ધર્મપત્ની શ્રી જયાબેન (વર્ષ-૯૮) તા. ૨૫-૪-૨૦૦૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં ૪૦ વર્ષ સુધી સ્થાયી સોનગઢ રહીને તત્ત્વનો ઘણો લાભ લીધો હતો.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*

[તા. ૧-૫-૨૦૦૦]

# સુવર્ણપુરી-સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીં તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી સમયસાર ઉપર (૧૯મી વખતના) પૂ.ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્રવાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : 'શ્રી સમયસાર-કળશટીકા' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

★ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૧૧મા વાર્ષિક જન્મોત્સવના સમાચાર જૂન માસના અંકમાં આપવામાં આવશે.

★ ઉપકારમૂર્તિ સ્વાત્માનુભવી પૂજ્ય બહેનશ્રીની દસમી સાંવત્સરિક સમાધિતિથિ તા. ૧૭-૫-૨૦૦૦ થી તા. ૨૧-૫-૨૦૦૦ (વૈશાખ વદ ૩) સુધી—આ પાંચ દિવસ; સુવર્ણપુરીમાં તેમના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તેમજ અન્ય અપાર ઉપકારોના વેદનભીના સ્મરણપૂર્વક ઉદાસીભર્યાં વાતાવરણમાં સાદગીથી 'રત્નત્રયમંડલવિધાન' પૂજાના આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

## ❀ સમવસરણ તેમ જ સ્વાધ્યાયમંદિરની વાર્ષિકતિથિ ❀

સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી-સમવસરણની ૫૯મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ વૈશાખ વદ ૬, બુધવાર, તા. ૨૪-૫-૨૦૦૦ તથા સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટનની તેમજ તેમાં પરમાગમ શ્રી સમયસારની મંગલ સ્થાપનાની ૬૩મી વાર્ષિક તિથિ વૈશાખ વદ ૮, શુક્રવાર, તા. ૨૬-૫-૨૦૦૦ના રોજ છે. આ બંને પ્રસંગો પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

**શ્રુતપંચમી :—** જ્યેષ્ઠ સુદ ૫, મંગળવાર, તા. ૬-૬-૨૦૦૦ના રોજ શ્રુતપંચમી અર્થાત્ ષટ્‌ખંડાગમ આદિ શાસ્ત્રપૂજનનો વાર્ષિક પર્વ છે. આ પર્વ શ્રુતપૂજા આદિ પૂર્વક ઉજવવામાં આવશે.

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* સંતો કહે છે કે ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરી દે! દેવ-ગુરુ પંચપરમેષ્ઠી આદિને જોવાનું તો બંધ કરી દે પણ ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરીને તારા દ્રવ્યને જોવાની આંખને ખુલ્લી કરીને જો! ભાઈ! આ તો પ્રવચનસાર એટલે સંતોના હૃદયના કાળજા છે. એ સંતો એમ કહે છે કે ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરી દે. નરકાદિ પર્યાયને જોવાની આંખ તો બંધ કરી દે પણ સિદ્ધ પર્યાયને જોવાનું પણ બંધ કરી દે, તો તને દ્રવ્ય-ભગવાનને જોવાના-દેખવાના ચક્ષુ ખુલી જશે. ભાઈ! એક વાર જો તો ખરો! પ્રભુ! તું કોણ છો! જ્યાં પર્યાયને જોવાની આંખ બંધ કરી ત્યાં દ્રવ્યને જોવાનું જ્ઞાન ઊઘડી ગયું. પયાયને જોવાની આંખ બંધ કરી ત્યાં દ્રવ્યને દેખવાની આંખ ઊઘડી ગઈ. હવે એ ભગવાન છાનો નહિ રહી શકે! ૧૭૦.

* દરેક પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, એને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો આત્મા નહિ પણ રાગનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે અને જ્ઞાન-પરિણામને આત્મા કરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે. ૧૭૧.

* ખરેખર તો એક પોતે જ છે ને બીજી વસ્તુ છે જ નહિ. હું જ એક છું, મારે હિસાબે બીજી વસ્તુ જ નથી. કેવળી હો, સિદ્ધ હો, તે તેને હિસાબે ભલે હો, પણ મારા હિસાબે તે નથી—એમ સ્વભાવની અપેક્ષાએ રાગ પણ પોતાનો નથી. દેહ-ધન-સ્ત્રી-પુત્ર આદિ તો એના છે જ નહિ પણ રાગ પણ તેનો નથી. જ્ઞાનસ્વરૂપ એકલો હું જ છું—એમ જોર આવવું જોઈએ.

શ્રોતા :—હું જાણનાર જ છું એવું જોર આવતું નથી તે કેમ આવે?

પૂજ્ય ગુરુદેવ :—જોર પોતે કરતો નથી તેથી આવતું નથી. બહારના સંસારના પ્રસંગોમાં કેટલી હોંશ ને ઉત્સાહ આવે છે! એમ અંદરમાં પોતાના સ્વભાવની હોંશ ને ઉત્સાહ આવવો જોઈએ. ૧૭૨.

*

## ● પુરુષાર્થ ●

જ્ઞાનસ્વભાવ....જ્ઞાનસ્વભાવ....જ્ઞાનસ્વભાવ છે તે જ્ઞાન સિવાય શું કરે! જાણે–દેખે....બસ. તેમાંય પરને જાણે છે એમ કહેવું તે તો વ્યવહાર છે. પરને કરે કે વેદે એ તો વાત જ નથી. પોતે પોતાને જાણે છે તે નિશ્ચય છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મતત્ત્વ કર્મના બંધને તો ન કરે પણ મોક્ષને પણ ન કરે. મોક્ષ થાય છે તેને જ્ઞાન જાણે છે એ જ તેનો પુરુષાર્થ છે.

—*અનંત ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]